# પ્રેસનોટ

પો.કો. ચંન્દ્રકાંન્ત જયંતીલાલ મકવાણા એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સ્કોડ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓ અમદાવાદ શહેર વિસ્તારમાં લુંટ તથા નાર્કોટીક્સની હેરાફેરી કરવાના ગુનામાં શકમંદ તરીકે મનીષ શ્રવણકુમાર બલાઈ નામના ઈસમને આ પ્રકારના ગુન્હાઓમાં તેની સંડોવણી અંગેની પુછપરછ કરવા સારુ લાવેલ હોય અને તેઓ આ ઈસમની પુછપરછ કરી રહેલ હોય તે દરમ્યાન આ મનીષ શ્રવણકુમાર બલાઈ નાઓએ પો.કો. ચંન્દ્રકાંન્ત જયંતીલાલ નાઓ ઉપર તા.૨૧/૪/૨૦૧૬ ના કલાક ૦૦/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે તેની પુછપરછ દરમ્યાન એન્ટીઓર્ગોનાઇઝ ક્રાઇમ સ્કોડની ઓફીસમાં મનીષકુમાર શ્રવણકુમાર બલાઈ નાને તક મળતાં, તેણે લોખંડની પાઈપ વડે પો.કો. ચંન્દ્રકાંન્ત જયંતીલાલ ઉપર જીવલેણ હુમલો કરી માથા તથા ચહેરાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી તેઓનુ મૃત્યુ નિપજાવી નાસી ગયેલ, જે બાબતે ડી.સી.બી. પો.સ્ટે.ફ.૨૮/૧૬ ઇ.પી.કો.ક્લમ ૩૦૨ વિ મુજબ તા.૨૧/૪/૧૬ ના કલાક ૮/૩૦ વાગે ગુન્હો દાખલ કરવામાં આવેલ.

આ ગુન્હાની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ ચલાવી રહેલ હતા. જે તપાસ મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરનાઓના આદેશથી તા.૨/૫/૧૬ નારોજ નાયબ પોલીસ કમિશનર શ્રી બિપીન આહીરે ઝોન-૧ અમદાવાદ શહેરનાઓને સોંપવામાં આવેલ છે.

04/05/16

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદશહેર.
પોલીસ કમિશનર વતી.